પ્રાન્તિક સંસારસુધારા પરિષદ્, ૧૯૧૩.

પ્રમુખનું ભાષણ.*

સંસારસુધારાના મહાકાર્યમાં ભાગ લેતા બન્ધુઓ, સન્નારીઓ, અને સદ્‌ગૃહસ્થો !

રૂઢિ પ્રમાણે પ્રાન્તિક સંસારસુધારા પરિષદનું સંમેલન આજે આપણે કર્યું છે. આ સંમેલન ગુજરાતના રાજનગરમાં કરવાનું પ્રાપ્ત થયું છે. અમદાવાદ ૫૦૦ વર્ષથી ઈતિહાસમાં ઝળહળે છે, અને વહેપાર ને ઉદ્યોગમાં થતી ચઢતીને લીધે ભવિષ્યમાં તેની મહત્તા વધ્યા વિના રહેશે નહિ. આ બાબતો સંસારસુધારાના કાર્યને લગતી નથી, તો પણ સ્ત્રી અને પુરૂષની સામાજિક ઉન્નતિના મહાકાર્યને, તેમાંથી મદદ મળે છે અને આડકતરી રીતે ઉત્સાહ પણ મળે છે. માનસિક, ઔદ્યોગિક, ધાર્મિક, અને સામાજિક–એ સર્વ પ્રકારના સુધારાની એક સરખી રીતે અમદાવાદમાં કદર થાય છે, અને આવા શાન્ત અને સમતોલ સ્વભાવને માટે અમદાવાદ સકારણ મગરૂર થઈ શકે. પ્રવૃત્તિઓની આવી સમતોલતાને લીધે જ આ શહેરમાં સુધારક શિક્ષણ-શાસ્ત્રીઓ અને સુધારક પંડિતો નીપજ્યા છે; વળી, તે જ કારણને લીધે પોતાનું ધન લોકોને ચરણે અર્પી દે એવા ઉદારભાવવાળા લક્ષાધિપતિઓ પણ પાકયા છે. દુઃખીઓનાં દર્દ ટાળવાને અને દેશના યુવકોનાં મન કેળવવાને અપૂર્વ દ્રવ્યરૂપી સાધન આપનાર ગુજરાતમાં પહેલા બૅરોનેટ ઉપજાવવાનું માન પણ અમદાવાદને જ ઘટે છે.

આજના કાર્યક્રમનો આરંભ કરતાં પહેલાં, છેલ્લી પરિષદ્ મુંબઇમાં મળી ત્યાર પછીના વર્ષમાં એટલે ગત વર્ષમાં શું શું થયું તે જોઇએ; આપણી જમાઉધાર બાજુ તપાસીએ; અને હાલ આપણી સમક્ષ કેવી સ્થિતિ ખડી થઇ છે અને કયા કયા પ્રશ્નોનું વ્યવહારૂ નિરાકરણ આપણે કરવાનું છે તે બધું શુદ્ધ વિવેચક દૃષ્ટિથી નિહાળીએ. પ્રથમ, આપણા એક શુદ્ધ, સાત્ત્વિક, ને નિઃસ્પૃહ 'કાર્યવીર' ના સ્વર્ગવાસથી આપણને મોટી ખોટ ગઇ છે;–તે વીર સ્વ. લાલશંકર ઉમિયાશંકર છે. સર્વશક્તિમાન્ પરમેશ્વરને ગમ્યું તે ખરૂં; પણ તેથી આપણી ખોટ કાંઇ ઓછી થતી નથી. સંસારસુધારાનો એક સાચો ધુરંધર ગયો ! તેમણે પોતાની લાંબી ને ઉપયોગી આખી જિન્દગીમાં ખરા જિગરથી કામ કર્યું હતું, અને તેમનામાં ખરેખરી નિઃસ્પૃહ કાર્યપરાયણતા હતી. તે દુર્બળ ને અનાથના બેલી હતા, સ્તુતિ વા નિન્દાની ગણના કરતા નહોતા, ને આ દુનીયાની ક્ષણિક મોટાઇની પાછળ ભમતા નહોતા. આ વ્યક્તિની વિશેષતા એવી હતી કે તે ભૂત અને વર્તમાનને પોતાની નૈતિક ભવ્યતાથી આચ્છાદિત કરી દેતી હતી, જે ભવ્યતા સ્મૃતિપથમાંથી ખસી શકે એ સંભવતું નથી. પરંતુ, વિસ્મૃતિના નિર્દય નિયમને અનુસરી જ્યારે એ વ્યક્તિવિશેષ પણ કાળક્રમે વિસ્મૃતિને વશ થશે, ત્યારે પણ જે સંગીન કામ તેમણે વગર દંભે કર્યું હતું તે કામનાં પરિપાકરૂપી સ્થાયી ફળ આપણે ભૂલી શકીશું નહિ. આપણે આટલી આશા અને ઈચ્છા રાખી શકીએ કે આ સાચા ઈશ્વરભક્ત તરફથી જે

---

* અન્ય કોઇએ કરેલું ભાષાન્તર.

મદદ આપણને મળતી હતી તે ઈશ્વરે લઈ લીધી, તોપણ તેમનો આત્મા અને તેમણે કરેલું કામ આપણને હંમેશ ઉત્સાહિત કરશે; અને તેમની ખાલી જગા થોડે ઘણે અંશે પૂરવાને બીજાઓ શક્તિમાન થશે, જેથી કરીને તેમનું નામ સારી રીતે જાળવી શકાશે.

આ દૃષ્ટિથી જોતાં, મને આ ક્ષણે લાગ્યા વગર રહેતું નથી કે આપણી પૂર્વે થઈ ગએલા સંસારસુધારાના મોટા આરંભકો ને સાચા વીરો, જેઓ ગુપ્ત રીતે આપણને પ્રેર્યા કરે છે, તેમના આત્માની આશાજનક પાંખો તળે આપણે આપણું કામ કરીએ છીએ. આવા આરંભકો અને વીરોનાં થોડાં નામો નીચે પ્રમાણે છે–કરસનદાસ મૂળજી, મહિપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, નવલરામ લક્ષ્મીરામ, કવિ નર્મદાશંકર લાલશંકર, કવિ દલપતરામ ડાહ્યાભાઈ, શેઠ માધવદાસ રઘુનાથદાસ, ને વિષ્ણુ પરશુરામ શાસ્ત્રી. આપણી લડાઈના આરંભમાં ઉપરના ગૃહસ્થોએ તેમના ઉત્સાહી મંડળની મદદથી કાર્ય આરંભ્યું અને અન્ધ રિવાજો વિરુદ્ધ લડત ચાલુ રાખી તેમનો ઉત્સાહ માત્ર સુધારાની નવીનતાને લીધે નહોતો, પણ તેમના ચારિત્રના બળ અને તેમના આદર્શની શકિતને લીધે હતો. સ્થૂલ કરતાં કંઈક ઉચ્ચ દૃષ્ટિએ આ સર્વ આરંભકો આપણા ‘પૂર્વજો’ કહેવાય, અને દર વરસે તેમનું તર્પણ કરવાની ઉત્તમ રીત એ છે કે તેમણે ઉમદા રીતે શરૂ કરેલું કામ આપણે જારી રાખવું અને વૃદ્ધિંગત કરવું. અને આપણે આપણી જાતને અભિનન્દન આપવું કે ઈશ્વરકૃપાથી સર રામકૃષ્ણ ગોપાળ ભાણ્ડારકર–આપણા પૂજ્ય નેતા–જેવા સત્ત્વશાલી પુરૂષોની અમૂલ્ય સાહ્ય આપણા કામમાં આપણને મળે છે. આપણે પ્રાર્થના કરીએ કે તેઓ આપણા મહાકાર્યમાં આપણને સાહ્ય અને ઉત્સાહ આપવાને ઘણું જીવો. આ સ્વર્ગવાસી આરંભકોએ કેટલાકના મત પ્રમાણે, છૂટીછવાઈ ભૂલો કરી હતી અથવા નીતિકૌશલની ખામી બતાવી હતી–હું પોતે આ મત સર્વથા માન્ય કરતો નથી–તોપણ તેમનું કામ આપણા ઇતિહાસમાં ઘણું કીમતી હતું. આજનું કામ શરૂ કરાએ તે પહેલાં આ મહાત્માઓ આપણામાં ઉત્સાહ પ્રેરો, અને સર્વશકિતમાન પરમેશ્વરના આશીર્વાદ આપણા ઉપર ઉતરો! આ દુનિયાની સર્વ પ્રગતિના, અને તેથી કરીને આપણી સામાજિક પ્રગતિના, અન્તરાત્માને દોરનાર પરમેશ્વર જ છે.

આપણા જમા પાસાના આંકડા બહુ થોડા હોય તો તેથી આપણે નિરાશ થવું ન જોઈએ; કારણ કે કાળના નિરવધિ પાના ઉપર એક વરસ માત્ર સોયની અણી જેટલું છે. વળી, પ્રગતિની કસોટી માત્ર આંકડાઓથી થતી નથી. સુધારા તરફ લોકોની લાગણી અને વૃત્તિ ધીમે ધીમે પણ દૃઢતાથી વધતી જાય છે એ જ પ્રગતિનું ચિહ્ન છે. અને આ ચિહ્ન જેમની આંખો ઉઘાડી છે અને જેમની બુદ્ધિ ખુલ્લી છે તેમને તો જણાય છે જ. માત્ર બે દસકા ઉપર કેટલાક મારા મિત્રો આપણા કાર્યના વિરોધી હતા ને જ હવે આપણા તરફ સમભાવ રાખતા થયા છે. લોકોની આવી લાગણી અને વૃત્તિ પ્રથમ ઉત્પન્ન થવી જોઈએ, અને પછી જે કાર્યો થાય તે ઉપરથી આંકડા તૈયાર થાય ને તે લાગણીનું માપ દર્શાવે. છોડ બરાબર ઊગે તેટલા માટે જમીન, ખાતર, અને અનુકૂળ વાતાવરણ અવશ્ય જોઈએ. આવી અનુકૂળતાઓ સપાટાબંધ પ્રાપ્ત થતી જાય છે એમ મારો અભિપ્રાય છે, અને હું ધારૂં છું કે તે ખોટો નથી. કેમકે દરેક જણ જાણે છે કે, હવે પુનર્લગ્ન સંખ્યાબંધ થાય છે, અને તે વિષેની લોકોની કડવી લાગણી ધીમે ધીમે ઘસાતી જાય છે; વર અને કન્યાની વયમાં વધારો થતો જાય છે; પુખ્ત ઉમરની છોકરીઓ અવિવાહિત રહે એ પણ હવે વિરલ નથી; યુવકોની મોટી સંખ્યા પરદેશ જાય છે, જો કે આપણે શરમાવું જોઈએ અને નીચું જોવું જોઈએ કે કેટલાક પાછા આવી પ્રાયશ્ચિત્ત કરે છે; જુદી જુદી નાતના લોકો અંદર અંદર ભેગા બેસી જમે છે, અને સુધારાના વિરોધીઓ પણ આ બાબતમાં ઉદાસીન દેખાય છે અથવા આંખ આડા કાન કરે

છે; અને આ પ્રમાણે પ્રગતિનાં પૈડાં ધીમે ધીમે પણ સુદૃઢ રીતે આગળ ચાલે છે જ. પણ ગયા વર્ષનો મોટામાં મોટો બનાવ મુંબઇના 'આર્યન બ્રધરહુડ' તરફથી થએલો મેળાવડો હતો. સાંસારિક અધોગતિના આદિકારણ સાથે, અર્થાત્ નાતની સંસ્થા સાથે, લઢનારા ઉત્સાહી સુધારકોની એક મંડળીએ આ મેળાવડો કર્યો હતો. 'આર્યન બ્રધરહુડ' વિષે લોકોમાં ઘણી ગેરસમજુત ચાલે છે; પણ તે મેળાવડામાં થએલા એક જાગ્રત્ કાર્યના બચાવમાં બોલવાનો આ પ્રસંગ નથી. પરંતુ તે બનાવની વિરુદ્ધ પોકારના પડઘા હજુ શાંત થયા નથી, માટે મારે કહેવાની જરૂર છે કે, જોકે આ બનાવના સંબન્ધમાં લોકોએ કાગનો વાઘ કરી દીધો છે તોપણ આ બનાવથી સાચા કોણ અને જૂઠા કોણ, સબળ કોણ ને નિર્બળ કોણ, દૃઢ કોણ ને ચલિત કોણ એ સ્પષ્ટ દેખાઈ આવ્યું. આ બનાવને શાન્ત ચિત્તે અને ઉપરની દૃષ્ટિએ જોતાં મને જણાય છે, કે આપણી જમા બાજુએ તેને એક નૈતિક અને ગૂઢ બળ તરીકે આપણે મૂકી શકીએ.

જે મહાપ્રશ્નોનું નિરાકરણ આપણે કરવાનું છે તે તરફ હવે વળીએ; પણ તેમ કરવામાં આપણે સંસાર સુધારાના આખા પ્રશ્નને લગતી સ્થિતિ જરા બારીકીથી તપાસવી જોઇએ. સમાજના અસ્તિત્વનો આધાર અમુક અમુક સંબન્ધો ઉપર રહેલો છે; આ સંબન્ધો ધીમે ધીમે ઉત્પન્ન થાય છે અને રૂઢ થાય છે. કુદરતી રીતે જ માણસને સમૂહમાં રહેવું ગમે છે, અને આ પ્રેરણાને લીધે જ સમાજ સ્થપાયો. ત્યાર પછી કેટલાક કાયદાઓ કરવામાં આવ્યા; તે પણ આરંભમાં કાગળ ઉપર નહિ, પણ ધીમે ધીમે તેનું અમુક સ્વરૂપ ઘડાયું. મનુષ્યજાતિના ઇતિહાસમાં દરેક યુગની જરૂરિયાતો પ્રમાણે અને મનુષ્યબુદ્ધિની શક્તિ પ્રમાણે ઘડાએલા આ કાયદાઓ સમાજને સાંકળી રાખતા હતા. આ પ્રમાણે બનેલો સમાજ મૃત અચેતન વસ્તુની પેઠે સ્થિર રહી શકે નહિ, પણ વધારે ને વધારે ઉચ્ચ દશાએ પહોંચવાને તેની ઉત્ક્રાન્તિ થવી જોઇએ. માટે સમાજની અમુક સ્થિતિને જે લાભદાયક હતું તે સમાજની ઉત્ક્રાન્તિની ઉચ્ચ સ્થિતિને માટે લાભદાયક હોવું જ જોઇએ એમ બને નહિ. તો પછી હંમેશને માટે તે લાભદાયક ન હોય એ સ્પષ્ટ છે. ઉત્ક્રાન્તિના પ્રવાહમાં સમાજને જીર્ણ અને મૃત અંગો ફેંકી દેવાં પડે છે, નવી સંસ્થાઓ ગ્રહણ કરી તેમને ઊછેરવી પડે છે, અને પોતાના બદલાતા સંજોગોને અનુકૂળ થવું પડે છે. આ બધો ફેરફાર એની મેળે થઇ શકે જ નહિ, પણ તેની દોરી પડદા પાછળથી ખેંચાય છે. આ દોરી ખેંચનાર મનુષ્યની બુદ્ધિ છે, અને આ પ્રમાણે સમાજની ઉત્ક્રાન્તિમાં મનુષ્યનો ફાળો સ્થાન પામે છે. ખરી વાત છે કે પ્રાકૃતિક દુનિયાની ઉત્ક્રાન્તિમાં મનુષ્યનું કાંઇ પણ ચાલતું નથી; પરંતુ સમાજનું અસ્તિત્વ જ મનુષ્યને લીધે છે તેથી કરીને સમાજના વિકાસમાં મનુષ્યનું ચલણ રહે છે. એટલા માટે આપણે સમાજના વિકાસમાં કેટલો ફાળો આપી શકીએ તે આપણે વારંવાર વિચારવું જોઇએ. જે શક્તિઓને લીધે આ ઉત્ક્રાન્તિ થાય છે તે બેશક ઘણી છે અને ઘણીવાર અટપટી પણ છે; છતાં કેટલેક અંશે અને કેટલીક હદમાં મનુષ્ય તે શક્તિઓને દોરી શકે છે અને તેમનું બળ કામે લગાડી શકે છે. આ બળનો ઉપયોગ જેમ ડહાપણથી, દીર્ઘદૃષ્ટિથી, ને શાસ્ત્રીયતાથી આપણે કરીએ તેમ તેનો લાભ આપણને મળી શકે; તેટલા પ્રમાણમાં આપણી મદદથી સમાજને ફાયદો થાય. મોટી નદીઓ, મોટા

[illegible] રહેલી ગૂઢ શક્તિ કુશળ ઇજનેર સારી રીતે વાપરી શકે છે, [illegible] પણ સમાજના વિકાસને મદદ કરવાનું અને તેમાંથી વધારેમાં વધારે [illegible]ાનુ કરવું જોઇએ.

જીર્ણ અને નુકસાનકારક સંસ્થાઓમાં સુધારા કરવાને હજી પણ આપણે ત-[illegible]થઇએ નહિ, તો મારે આપની સમક્ષ આથી પણ વધારે ઊંચા હેતુઓ બતા-વવા જોઇએ. હું આપનું લક્ષ ખેંચું છું કે વ્યક્તિ પરત્વે તેમજ સંસ્થાઓ પરત્વે, બલ્કે વ્યક્તિ કરતાં સંસ્થાઓમાં વિશેષ અંશે, કર્મનો નિર્દય નિયમ (અર્થાત્ કા-ર્યકારણનો નિયમ) નિયમિત રીતે અને ઘણી સખ્તાઇથી પ્રવર્તે છે. વિશેષ અંશે —એમ હું કહું છું, કારણ કે વ્યક્તિનાં કાર્યો ઉપર કર્મના નિયમનો અંકુશ માત્ર આ જિન્દગીમાં અને આવતી જિન્દગીમાં રહે છે; પણ સમાજનું જીવન અવિચ્છિન્ન પ્રવાહ રૂપી હોઈ કર્મનો નિયમ તેની ભૂત, વર્તમાન, ને ભવિષ્ય એ ત્રણે સ્થિતિમાં પ્રવર્તે છે. સમાજને ચોખ્ખો અસંદિગ્ધ ભૂતકાળ હોય છે; વ્યક્તિને તેવું હોતું નથી. માટે સમાજની પ્રગતિમાં આપણો ફાળો આપતાં જો કાંઇ નુકસાનકારક ભૂલચૂક થાય તો તેનાં ઘણાં માઠાં ફળ ચાખવાં પડે છે; તેવી જ રીતે વિચારવાળાં, બુદ્ધિ-વાળાં, ને સારાં કાર્યોથી સુધારો અને સારાં ફળ પ્રાપ્ત થાય છે. આટલા જ માટે, નઠારા રિવાજો દૂર કરીને અને ઉપયોગી ને ફાયદાકારક રિવાજો દાખલ કરીને સા-માજિક સંસ્થાઓનો સુધારો કરવામાં ડહાપણભરેલાં કામોની જરૂર છે. આ બાબતમાં, બલ્કે દુનિયાની કોઇ પણ બાબતમાં, નસીબ ઉપર ભરોસો રાખી શકાય નહિ; ન-સીબ એ અર્થ વગરનો શબ્દ છે; બનાવ બન્યા પછી જ આપણને નસીબની ખબર પડે છે.

વખત વખતનું કામ કરશે, આપણે બધું વખતને સોંપવું જોઈએ, ને સુધારો કરવાનું બધું કામ તજી દેવું જોઇએ—એવાં વચનો બુદ્ધિહીન છે એમ આપણને આ તત્ત્વો સમજાયા પછી તરત જ જણાય છે. ધીરજનો ઉપદેશ કરનારાં આવાં વચનો-થી માત્ર અકર્મ (inaction) ઉત્પન્ન થાય છે, પ્રવૃત્તિ તરફ બેદરકારી અને ઉદાસીનતા થાય છે; જોકે પ્રવૃત્તિથી જ માણસનો ઈશ્વરી અંશ પ્રતીત થાય છે. વખત વખતનું કામ કરશે એ દલીલમાં 'વખત'નો અર્થ પ્રથમ દૃષ્ટિએ 'અકર્મ' થાય છે. પરંતુ વિવેચક બુદ્ધિથી જોશો તો જણાશે કે કાર્યકારણની પરંપરામાં નીપજતાં પરિણા-મોમાં મનુષ્યોનો ફાળો—એ જ અર્થ 'વખત'નો છે. આ અર્થમાં ખરેખર વખત વખતનું કામ કરે છે જ. જુદી જુદી નાતો વચ્ચે ભોજનવ્યવહારની છૂટ, પરદેશગ-મન, વરકન્યાની ઉમરનો વધારો, જુદી નાતોમાં લગ્નવ્યવહાર, વગેરે બાબતોમાં આપણા લોકોએ ધીમે ધીમે પગલાં ભર્યાં છે; બેશક આ પગલાં આરંભમાં જોઇ શકાય એવાં નથી, છતાં આખરે જણાયા વગર રહ્યાં નથી. આ સર્વ પ્રગતિનું કા-રણ છૂટા છવાયા માણસોએ તેમ જ એકત્રિત થએલા મનુષ્યોએ કરેલાં નિશ્ચિત કાર્યો જ છે. એ બધું વખત અથવા નસીબને લીધે થયું છે એમ કહેવું કેવળ મૂર્ખાઇ ભરેલું છે. આ બધું અર્થ વગરના 'વખત'ને લીધે થયું છે એમ કહેનારા માણસો કાં તો ખરેખર ઉદાસીન હોય છે, અથવા નૈતિક બળ વગરના હોય છે. વિના પ્રયત્ને, અને સુધારાનાં કાર્યો કરવામાં જે જોખમ ખેડવું પડે છે તે જોખમ વગર, તેવા માણસોને કાર્ય કરનાર બીજા મનુષ્યોના શ્રમનાં ફળ ચાખવાં છે.

આ જાતની ટીકા કરનાર વર્ગમાં એક બીજા વર્ગનો સમાવેશ થાય છે. હાલના રિવાજો પ્રાચીન છે અને પવિત્ર છે એમ કહી તેઓ કોઇ પણ જાતના ફેરફાર સામે પોકાર કરી મૂકે છે, અને આ પ્રમાણે મનુષ્યના સુધારો કરવાના હકની વિરુદ્ધ પડે છે. પણ આપણે બધા જાણીએ છીએ કે આમ કરવું ખોટું છે, કેમકે આપણે આપણો પ્રાચીન ઇતિહાસ જુદી જ દૃષ્ટિથી વાંચ્યો છે. પરિસ્થિતિ બદલાય છતાં આપણે યોગ્ય ફેરફારો કરીએ નહિ તો આપણા પૂર્વજોનો અને આપણા પ્રાચીન ઋષિમુનિઓનો આપણે અપરાધ કરીએ છીએ; કારણ કે આ ખરેખરા વિચારશીલ પુરુષોએ પોતાના સમયના રીત રિવાજોમાં ફેરફાર કરીને નવી સ્થિતિને અનુકૂળ બનાવી નહોતી? વળી, આપણા ટીકાકારોનો એક બીજો વર્ગ છે. તેઓ એમ કહે છે કે આપણી કેટલીક સામાજિક સંસ્થાઓમાં જે થોડા ઘણા સુધારા થયા છે તે સુધારકોના પ્રયાસોને લીધે થયા નથી, પણ કોઇ બીજાં કારણોને લીધે થયા છે. દાખલા તરીકે, વરકન્યાની ઉમરમાં જે ધીમે ધીમે વધારો થયો છે તે આર્થિક કારણોને લઇને થયો છે; નહિ કે સંસારસુધારકોના પ્રયત્નોને લઇને. ઠીક, આપણા આ વિરોધીઓ સાથે વિતણ્ડામાં હું ઊતરવાનો નથી. આપણો હેતુ ગમે તે રીતે પાર પડે અને આપણી સમક્ષ તેનાં ફળ આપણે જોઇએ એટલે બસ. છતાં, આપણા આ મિત્રોના મોં આગળ થોડાક વિચારવાના મુદ્દા મૂકીશ. હું તેમને સવિનય પૂછું છું કે સુધારાના નવા વિચારો લોકો સમક્ષ જોસભેર વારંવાર મૂકાયા ન હોત તો માત્ર આર્થિક કારણોને લીધે પૂર્વોક્ત ફળ પ્રાપ્ત થાત? ઉપરનો જ દાખલો લઇએ તો, લગ્નમાં થતા ખર્ચને લીધે જ લોકો છોકરાં વહેલાં પરણાવતાં અટકત? આપણા લોકો એવા રૂઢિચુસ્ત છે, આપણા લોકો રિવાજને એટલા બધા પવિત્ર ગણે છે, કે ખર્ચનો વિચાર તેમને મહત્ત્વનો લાગે જ નહિ. છોકરાં વહેલાં પરણાવવાની ખાતર પુષ્કળ કરજ કરનાર લોકો હજુ પણ નથી? આ બારીક વખતમાં છોકરાને બાળપણમાં પરણાવી ખર્ચાળ જીંદગીમાં ઊતારવો અયોગ્ય ગણાય, પણ તેવું છોકરીની બાબતમાં નથી. છોકરીને તો જેમ બને તેમ વહેલી પરણાવી દે તો તેના ભરણપોષણનું ખરચ માબાપને શિરથી ઓછું થાય; માટે ખરચના હિસાબે જ છોકરીઓનાં બાળલગ્ન વધવાં જોઇએ! પરંતુ, આપણા વિરોધીઓ મહત્ત્વની બાબત ભૂલી જાય છે કે આર્થિક સ્થિતિ આ બાબતોમાં ગૌણ સ્થાને છે, અને રિવાજના મજબૂત કિલ્લાના પાયા શાન્તિથી પણ દૃઢતાથી નરમ કરવામાં આપણી સંસારસુધારાની હીલચાલનું જ બળ કામે લાગ્યું છે. છેલ્લાં ૫૦ વરસ થયાં એ હીલચાલનું કામ નવા નવા વિચારો ફેલાવ્યા કરે છે અને ચોગમ લાભકારક વાતાવરણ ઉત્પન્ન કર્યા કરે છે. સંસારસુધારાની હીલચાલ નિરન્તર કામ કરતી વીજળીની બૅટરી જેવી છે, અને આર્થિક કારણો ક્વચિત્ ક્વચિત્ જોસ આપ્યા કરે છે; આ બન્ને બાબતો એકઠી થઇને રિવાજના કિલ્લામાં થોડાં થોડાં—હજુ સુધી થોડાં થોડાં જ—ગાબડાં પાડવાને સમર્થ બની છે.

અક્રમના હિમાયતીઓ અને તેમના મિત્રોને હવે આપણે બાજુ ઉપર રાખીએ, અને આપણા કાર્યના વિજયને માટે શું શું કરવું તેનો વિચાર કરીએ. સંસાર સુધારાની ઉત્ક્રાન્તિમાં મનુષ્યે પોતાનો ફાળો આપવો જોઇએ એ વાત સિદ્ધ કર્યા પછી, તે ફાળો શી રીતે આપવો તે તપાસીએ. સર્વ કોઇ કબૂલ કરશે કે સામાજિક સં-

સ્થાઓ સ્થાપવામાં અને તેમને સુધારવામાં બહુ જોસવાળું અને તેથી કરીને અ-સ્થાયી, છૂટક છૂટક, વ્યક્તિગત કામ ઘણીવાર નુકસાન કરે છે; આવા કામથી કવ-ચિત જ કંઇક અંશે ફાયદો થાય છે. ઉત્તમ પદ્ધતિ તો એ છે કે ઘણા મનુષ્યોએ એકત્રિત થઇ, વ્યવસ્થાપૂર્વક, સુસ્થિત તત્ત્વોને આધારે, ઘણી સંભાળ લઇને કામ કરવું જોઇએ. બધું નસીબને આધારે મૂકી દેવું, જયાં જાય ત્યાં જવા દેવું, એ મોટી ભૂલ કહેવાય; અને કોઇકવાર તેનાં પરિણામ ભયંકર આવે. આટલા માટે જ, સંસા-રસુધારામાં દૃઢ માન્યતા હોય તેમણે વિચાર તેમ જ આચારને માટે એકઠા મળ-વાની જરૂર છે. જેઓ એમ કહે છે કે એકઠા મળવાથી કાંઇ વળવાનું નથી, છૂટક છૂટક જ કામ થઇ શકે, તેમને ઉપલા વિચારો પૂરતો જવાબ આપશે. છતાં વધારે દલીલની અપેક્ષા રહેતી હોય તો હું એક બે સૂચક બાબતો જણાવું છું. રણસંગ્રા-મમાં દરેક સૈનિક પોતાની મરજીમાં આવે તેમ લઢે તે સારૂં, કે બધા સૈનિકો ભેગા મળી એક મુખ્ય સૈનિકની વ્યવસ્થા પ્રમાણે લઢે તે સારૂં? વળી, આપણા મિત્રોને હું પૂછું છું કે એકત્રિત કાર્યમાં મળતો જુસ્સો, ઉત્સાહ, સગવડ, ને ઉત્તેજન કાંઇ હિસાબમાં નથી જ? થોડે થોડે સમયે સઘળા કાર્ય કરનાર એકઠા થાય તો જ ઉપરના લાભો મળી શકે. બધા ભેગા થાય, પરસ્પર વિચારો મેળવે, મુશ્કેલીઓનો વિચાર કરે, બને તો રસ્તો શોધી કાઢે, અને વધારે પ્રયાસ કરવાના માર્ગ નક્કી કરે. આ ઝીણી પણ અગત્યની બાબતોની કાંઈ જ કીમત નથી? વળી, ભૂલી જવા જેવું નથી કે હિંદુસ્થાન મોટો ખંડ છે; એક પ્રાન્તની સંસ્થાઓ અને રીતો, અને કેટલાક પ્રશ્નોની સ્થિતિઓ બીજા કરતાં જુદી હોય છે; બલ્કે, એક જ પ્રાન્તમાં જુદા ભાગમાં અને જુદી નાતોમાં તે જુદી જુદી હોય છે. ૧૨ થી ૨૦ વરસ સુધી કુંવારી છોકરી એક ભાગમાં અથવા એક નાતમાં જવલ્લે જ હોય, અને બીજામાં એવું ન હોય. આપણા સિવાયના બીજા પ્રાન્તોની સ્થિતિ વિષે ઘણી વાર આપણે અજ્ઞ હોઇએ છીએ, અને તેથી કરીને બીજા ભાગના લોકોની મુશીબતો અથવા સગવડો આપણે બરાબર સમજી શકતા નથી. થોડા વખત ઉપર, એક સમર્થ અને પ્રતિષ્ઠિત બુદ્ધિવાળા લેખકે ગુજરાતના હજામો માંસાહારી છે અને દારૂ પીએ છે એવું લખ્યું હતું! આ ઉપરથી જણાય છે કે હિન્દુસ્થાનના પ્રાન્તો વ-ચ્ચે અને જુદી જુદી નાતો વચ્ચે ઘણી ગાઢી દિવાલો આવેલી છે. આ પરસ્પરના અજ્ઞાનને ફેડવાના અને પૂર્વોક્ત દિવાલો તોડી પાડવાનો એક ઉપાય આવાં સંમે-લનો કરવાં એ છે. આવા એક સંમેલનથી આ દિશામાં જેટલો ફાયદો થાય તેટલો ઘણાં ઘણાં પુસ્તકો લખવાથી અગર વાંચવાથી થતો નથી. આટલું બોલ્યા પછી, છૂટક છૂટક જ કામ થઈ શકે એવી હિમાયત કરનાર મારા મિત્રને સંબોધીને હું કહીશ કે,—"ભાઇ, તમારાથી ખરેખર થઈ શકતું હોય તો છૂટક છૂટક કામ જ-રૂર કરો; પરંતુ, એકઠા મળીને કામ કરવું ખોટું છે એમ શા માટે કહો છો? તેથી તમને યા તમારા કામને કાંઇ હાનિ થાય છે? ના થતી હોય, તો આપણે બન્ને મિત્ર જ છીએ." આવાં વચનો કહી હું તેનાથી શાન્ત ચિત્તે છૂટો પડીશ, પણ મારે કબૂલ કરવું જોઇએ કે મને તેના કામને માટે બહુ આશા રહેશે નહિ; કારણ કે ઘણીવાર આવા લોકો છૂટક છૂટક કામને બહાને પોતાના અકર્મને છાવરે છે: અને કાંઈ નુકસાન ન કરે તો આપણું સદ્ભાગ્ય.

વખતોવખત આવાં સંમેલનો કરવાં તદ્દન યોગ્ય છે એ વાત આપણે આ પ્રમાણે સિદ્ધ કરી. પરંતુ, આવાં સંમેલનો કરી કેવળ વાતો કરવાથી કયું કામ તમે સિદ્ધ કરી શકયા એવું આપણને કેટલાક પૂછશે–કેટલાક પૂછે છે જ. તેમનું કહેવાનું તાત્પર્ય એવું છે કે આપણે વ્યવહારમાં કાર્યસિદ્ધિ કરી શકીએ નહિ તો નકામાં ભાષણોથી કેવળ કાળક્ષેપ થવાનો. આવો આક્ષેપ ઘણા જૂના વખતથી મૂકાય છે, અને તેને માટે કોઇ નવો ઉત્તર શોધવાની જરૂર નથી. આ જૂના આક્ષેપના આવર્તનમાંજ તેનું જોસ કમી થઇ ગયું છે. સમજુ માણસો તો કબૂલ કરે છે જ કે યોગ્ય રીતે કરાયલી વાતો પણ વ્યર્થ નથી. વળી, જયાં સુધી કામ કરવું છે ત્યાં સુધી વાતો કરવાની પણ જરૂર છે; કારણ કે કામની વખતે, તેમ જ થોડા સમયની શાન્તિને વખતે, આપણા આત્માને જાગ્રત્ રાખનાર મુખ્ય સાધન વાતો અથવા ભાષણોનું ગાન છે. વળી, વખતોવખત આપણા સુધારાના સાહિત્યની અને પ્રગતિની આપણે નોંધ લેવાની છે અને આપણા અનુયાયીઓની વ્યવસ્થા રાખવાની છે.

વળી, આપણે ફોગટ વાતો કર્યાં કરીએ છીએ એવો આક્ષેપ મૂકનાર કયા લોકો છે? તેમના બે વર્ગ પાડી શકાય;–(૧) આપણી સંસ્થાઓ એવી તો સંપૂર્ણ છે કે તેમાં સુધારાને અવકાશ જ નથી એવી કલ્પનાવાળા સુધારાના વિરોધીઓ, અને (૨) સુધારા તરફ કાંઇક વલણવાળા પણ પોતાના વિચારોને કાર્યમાં પરિણત કરવાની શક્તિરહિત જનો. પહેલા વર્ગના લોકોને આપણો એટલો જ જવાબ બસ છે કે, તમને પોતાને જે કાર્યોમાં શ્રદ્ધા નથી તે કરવાનું તમે અમને કહો છો તેથી જ તમારૂં વચન સુસ્થિત થતું નથી. અમે કાર્ય કરીએ છીએ તો તમે એકદમ અનેક રીતે અમારા ઉપર આક્ષેપો કરો છો; અમે કંઇ કરતા નથી (અથવા અમે કંઇ કરતા નથી એવું દેખાય છે) ત્યારે પણ તમે અમને છોલવામાં બાકી રાખતા નથી. આવા ટીકાકારોની તો ઉપેક્ષા જ ઘટે. બીજા વર્ગના ટીકાકારોએ પોતાની આંખો ઉઘાડવી ~~જોઇએ અને આ સંસારસુધારાના પ્રગતિના દિવસોમાં દરરોજ જે~~ જે કાર્યો થયાં જાય છે તે તરફ નજર કરવી જોઇએ.

આવાં સંમેલનો કરવાની અગત્ય વિષે વધારે દલીલ કરવાની જરૂર નથી એમ હું આશા રાખું છે. હવે આપણા કામના બીજા અગત્યના ભાગ તરફ આપનું લક્ષ ખેંચું છું,–તે ભાગ એ છે કે આપણા કાર્યક્રમ વિષે સંપૂર્ણ વિચાર ચલાવવો. આ સંમેલનમાં આપણે નીચેના વર્ગના વિષયો ઉપર સંવાદ કરવાનો છેઃ—

૧ લગ્ન સંબન્ધી સુધારા.
૨ પુનર્લગ્ન.
૩ સ્ત્રીકેળવણી.
૪ નાતજાતનો ભેદ.
૫ લગ્નના કાયદામાં કરવો જોઈતો સુધારો.
૬ પરદેશગમન.
૭ મરણ વખતનાં રોવાકૂટણાં.
૮ લગ્ન, મરણ, વગેરેનાં ખર્ચ.
૯ સામાજિક વિશુદ્ધિ.
૧૦ મદ્યનિષેધ.
૧૧ અસ્પૃશ્ય વર્ગની ઉન્નતિ.
૧૨ પડદાનો રિવાજ.

આમાંના દરેક વિષય ઉપર બોલવાની મારી ઇચ્છા નથી; કેમકે જુદા જુદા ઠરાવો ઉપર વિવેચન કરતી વખતે બીજા ભાષણકર્તાઓ એ કામ કરશે. હું તો ઉપરના પ્રશ્નોને સમષ્ટિરૂપે જોતાં તેમાં રહેલાં કેટલાંક તત્ત્વો ઉપર વિવેચન કરીશ.

આપને તરત જ જણાશે કે નં. ૯ ને ૧૦–સામાજિક વિશુદ્ધિ ને મદ્યનિષેધ–ના વર્ગના વિષયો બાદ કરતાં બાકીના ઘણાખરા પ્રત્યક્ષ રીતે, અને બે ત્રણ પરોક્ષ રીતે, નાતજાતના મહાન અને વિકટ પ્રશ્ન સાથે ઘણા નિકટ સંબન્ધથી જોડાએલા છે. નાતજાતનાં બન્ધનો અને નાતના અપૂર્વ અને બુદ્ધિના ઉપયોગ વગરના ધારાસંગ્રહને લીધે જ બીજા બધા પ્રશ્નોની મુશ્કેલીઓ ઊભી થાય છે. આ બધી મુશ્કેલીઓનું મૂળ આપણને સહેલાઈથી જડી આવે છે,–અને તે મૂળ નાતની સત્તાનો સીધો અથવા આડો ઉપયોગ તે જ છે. તેટલા માટે, જો બીજી બધી અથવા કોઈ પણ દિશામાં સુધારો કરવો હોય તો નાતનો સુધારો આપણે પહેલો જ પકડવો જોઈએ. આમ કહેવામાં અતિશયોક્તિ નથી; કારણ કે પુખ્ત ઉમરનાં લગ્ન, સુબુદ્ધિથી કરેલી પસંદગીનાં લગ્ન, વિધવાઓનાં લગ્ન, લગ્નના કાયદાનો સુધારો, પરદેશગમન, લગ્ન તથા મરણ પ્રસંગનાં પુષ્કળ ખર્ચ, અસ્પૃશ્ય વર્ગની ઉન્નતિ,–આ બધામાં નાતજાતનાં હસનીય બન્ધનો જ આડે આવે છે. ઉપરના વર્ગના વિષયો તરફ સુધારાનાં પગલાંને નાત શિક્ષા કરે છે, અથવા તો બાકીના વર્ગના વિષયોમાં સુધારો કરનારની સ્વતન્ત્રતાને નાતના જડ નિયમો સ્વાધીન કરી લે છે. નાતની સંસ્થા જીર્ણ થઈ ગઈ છે અને હાલના જમાનાને પ્રતિકૂળ છે. લોકનું કલ્યાણ કરવાની નાતની સત્તાનો અન્ત આવ્યો છે, અને એક જુના મક્કમ પાપી માણસની પેઠે તોફાન અગર નુકસાન કરવાની સત્તા તેનામાં રહી છે, અથવા તેણે પ્રાપ્ત કરી છે. આ સખ્ત દેખાતા શબ્દો બોલતી વખતે આપણા દેશના જુદા જુદા ભાગમાં ભરાતી નાતોની ઘણી સભાઓ મારી નજર બહાર નથી. પરંતુ, નાતના સુધારાને સંસારસુધારાનું મુખ્ય અંગ હું ગણું છું, અને તેથી સંસારસુધારાના મહા પ્રશ્ન વિષે સંકુચિત અને નિયન્ત્રિત વિચારોને અવકાશ ન આપનારાં ઊંચા તત્ત્વો સ્મરણમાં રાખી વિચાર કરતાં, નાતોની સભાઓથી લાભ થશે કે નહિ તે વિષે મને ઘણો શક છે. આ નાતોની સભાઓ ક્વચિત્ બહુ સંકુચિત અર્થમાં લાભ કરે એ સંભવિત છે. પણ નાતોથી જે લાભ થાય છે તેને કાં તો નાતના બંધારણ જોડે કાંઈ લેવાદેવા હોતી નથી, અથવા તો તે લાભોથી નાતની પોતાની સત્તા તૂટે છે. દાખલા તરીકે, કોઈ નાતની સભા તે નાતમાં કેળવણીની વૃદ્ધિ કરવાનો ઠરાવ કરે તો આવા ઠરાવને નાતના બંધારણ જોડે કાંઈ જ સંબન્ધ નથી; અથવા પરદેશગમનની છૂટ આપે તો તેનો અર્થ એટલો જ થયો કે નાતે પોતાની શિક્ષા કરવાની સત્તા છોડી દીધી. આટલો લાભ નાતોની સભાઓથી થાય છે તે કબૂલ કરવું જોઈએ. પરંતુ, મેં હમણાં જ કહ્યું તે પ્રમાણે આવી નાતોની સભાઓથી મનુષ્યજાતની સ્વતન્ત્રતા અને ગૌરવનાં વિશાળ તત્ત્વો જળવાતાં નથી. હાલની નાતો સુધારવાનો એક જ ઉપાય છે, અને તે એ છે કે નાત નાતની વચ્ચેના અન્તરાયો કાઢી નાંખવા અને નાતના બંધારણમાંથી શિક્ષા કરવાનો હક લઈ લેવો. સંક્ષેપમાં કહીએ તો, હાલની નાતોનો સુધારો કરવો એટલે નાતોનાં બન્ધનકારક તત્ત્વોને રજા આપવી. એક જુવાનીઆઓની સભા સમક્ષ હમણાં જ મેં થોડા વિચારો જણાવ્યા હતા તે આ સંબન્ધમાં અત્રે ટાંકવાનું મને મન થાય છે. મેં કહ્યું હતું કે—

“આપણે આપણા મનમાં સમજીએ છીએ કે નાતનું કામ હવે થઈ રહ્યું છે, અને તે એક મૃતપ્રાય સંસ્થા તરીકે જીવે છે,–જીવે છે તે પણ નુકસાન કરવાને માટે જ. મૃતકલ્પ વસ્તુને જીવાડવાનો પ્રયત્ન વ્યર્થ જ છે. વળી, આપણે પાછે પગે ચાલી ચાર વર્ણોની વ્યવસ્થા પણ પુનઃ જાગૃત કરી શકીએ એમ નથી. પાછી દૃષ્ટિ કરવાથી આ ચમત્કાર સિદ્ધ કરાશે નહિ. વળી, યોગ્ય રીતે ઈતિહાસ ઊકેલશો તો જણાશે કે આપણી પ્રાચીન ચાર વર્ણોની વ્યવસ્થા ‘વિધિ રૂપે નહોતી પણ વસ્તુસ્થિતિ જેવી જણાઈ તેની માત્ર નોંધ હતી.’ આ પ્રમાણે પ્રો. આનન્દશંકર ધ્રુવે સિદ્ધપુરમાં આપેલા શંકરજયન્તીના પ્રસંગના પોતાના ભાષણમાં ઘણી સારી

રીતે દર્શાવ્યું હતું.* હાલમાં તો નાતના અગણિત વિભાગો થઈ ગયા છે, અને તેની સ્થિતિ ચેતનરહિત જડતાવાળી થઇ છે. તેમાંથી સ્થિતિસ્થાપકતા નષ્ટ થઇ છે. વધારામાં, કેવળ કારીગર વર્ગો બાદ કરીએ તો નાતનો ધંધા ઉપર રચાયલો પાયો પણ લુપ્ત થયો છે. પાશ્ચાત્ય સુધારા સાથેના સંઘટ્ટનને લીધે વિભાજક બળો ધીમે ધીમે પણ દૃઢતાથી પોતાનું કામ કર્યાં જાય છે, આ બાબતમાં પણ, સમયનાં ચિહ્ન જોતાં અને સામાન્ય વલણ નિહાળતાં મને જણાય છે કે સંયોજક તત્ત્વોનું બળ વિભાજક શક્તિઓ આગળ ધીમે ધીમે કમી થતું જાય છે, અને ભવિષ્યમાં કેવી સ્થિતિ પ્રાપ્ત થશે તે ચોક્કસ રીતે ન જાણતા હોઇ આપણે અનુમાન કરી શકીએ કે વિભાજક શક્તિઓ અન્તે વિજયી નીવડશે એમ દીસે છે.”

આપણા પ્રશ્નોનો આ ભાગ છોડી હવે હું તેથી પણ મોટા એક ભાગ વિષે બોલવા ઇચ્છું છું. સુધારાને યોગ્ય પ્રશ્નોના મોટા ભાગનો સંબન્ધ નાત જોડે છે; પણ મદ્યનિષેધ અને એક બીજી બાબત સિવાય બધાજ પ્રશ્નોનો આધાર એક મહત્ત્વના તત્ત્વ ઉપર છે,—દરેક વ્યક્તિની સ્વતન્ત્રતા, અને સમાજના દરેક માણસને પોતાના વિકાસને અર્થે મળવી જોઇતી સરખી તક. ઉપર ગણાવેલા દરેક વિષયને આ તત્ત્વ લાગુ પડે છે એ જણાવવાની જરૂર રહેતી નથી. આપ સર્વ તરત જ તે સમજી શકો એવું છે અત્રે જણાવવું જરૂરનું હોવું ન જોઇએ, છતાં હું જણાવું છું કે સ્વતન્ત્રતાનો અર્થ અનિયન્ત્રિત સ્વેચ્છા કરવાનો નથી. એનો અર્થ તો એટલો જ છે કે આપણા સુશોભિત કૃત્રિમ મકાનની બંધિયાર હવાને બદલે ચારે તરફથી ખુલ્લું વાતાવરણ ઉભું કરવું. આવી સ્વતન્ત્રતાને કેટલાક સમાજભાવનાની સામે થતી વ્યક્તિભાવના કહેશે. પણ આપણે સમાજના મૂળતત્ત્વોની વિરુદ્ધ લઢવાનું નથી; આપણે તો જે નુકસાનકારક બન્ધનો (જુના સમયમાં ગમે તેટલાં સારાં હતાં તો પણ) વ્યક્તિના નૈતિક, માનસિક, ને શારીરિક વિકાસમાં આડે આવે છે અને રોકી કરીને આખા સમાજની પ્રગતિને અટકાવે છે, તેમને જ માત્ર તોડી નાંખવા છે. હું કબૂલ કરૂં છું કે સમાજની બીજી વ્યક્તિઓના હક ઉપર તરાપ મારવામાં ન આવે તેટલા માટે દરેક વ્યક્તિના હક ઉપર અંકુશ મૂકનાર તત્ત્વના પાયા ઉપર સમાજ રચાયો છે; અને સુધરેલા સમાજમાં વ્યક્તિના હક જાળવવાને વ્યવસ્થિત પદ્ધતિ હોય છે. એથી ઉલટું સમાજની પ્રાથમિક સ્થિતિમાં તેમ કરવાને કેવળ બાહુબળનો ઉપયોગ થતો. આપણું કર્તવ્ય સમાજના આ મૂળતત્ત્વને તોડી પાડવાનું નથી. આપણે તો માત્ર એકમેકથી અવિરોધી ન્યાય અને સ્વતન્ત્રતા જોઇએ છીએ. આપણે ફક્ત એટલું માગીએ છીએ કે, કોઈ સ્ત્રી પોતાના દેશની અને પોતાના પરમેશ્વરની સેવાને અર્થે અવિવાહિત રહેવા ઇચ્છતી હોય તો બેશક તેને તેમ કરવા દો; કોઇ વિધવાને ફરીથી પરણવાની ઇચ્છા થાય તો તેની ઇચ્છા પરિપૂર્ણ કરવામાં અન્તરાય નડવો ન જોઇએ; કોઈ માણસને પોતાનું ભવિષ્ય સુધારવા સારૂ, અથવા વધારે વિશાળ જ્ઞાન અને શક્તિ મેળવી દેશસેવા કરવા સારૂ, પરદેશ જવાની જરૂર જણાય તો તેને તેમ કરતાં રોકવો ન જોઇએ; એક માણસ બીજા કોઇની સાથે બેસી જમવા ઇચ્છતો હોય અથવા પોતાનાં છોકરાં તેનાં છોકરાં સાથે પરણાવવા ઇચ્છતો હોય તો નાતની કૃત્રિમ દિવાલો આડે આવવી જોઇએ નહિ; એવી રીતે આપણા કાર્યક્રમના બીજા વિષયો વિષે પણ સમજવું. સગીર ઉમરની છોકરીઓને મન્દિરોમાં આપી દેવાના રિવાજને (મોરલી) લગતો સામાજિક વિશુદ્ધિનો પ્રશ્ન વ્યક્તિની સ્વતન્ત્રતાની સાથે સંબન્ધ રાખે છે; મદ્યનિષેધનો પ્રશ્ન તેમ જ મરણ વખતની રોકૂટનો સવાલ ઉપરના તત્ત્વની બહારનો છે,—મદ્યનિષેધ કરવાનો હેતુ સમાજની અધોગતિ અને નાશ અટકાવવાનો છે, અને રોકૂટ અટકાવવાનો વિચાર અસભ્યતા અને અસંસ્કારની વિરુદ્ધ પોકાર છે.

---

* જુઓ ‘વસંત’ સં. ૧૯૬૮ જ્યેષ્ઠ. પ. ૨૩૮

આપણા કાર્યક્રમમાં રહેલાં તત્ત્વોની પરીક્ષા કર્યા પછી નીચેનો પ્રશ્ન સહજ ઉદ્ભવે છેઃ—

આપણો કાર્યક્રમ સાચો છે એ વાત લોકોને ગળે શી રીતે ઊતારવી? સામાન્ય હિન્દુવર્ગને માન્ય છે એવાં શાસ્ત્રોનાં વચનોથી આપણે તેમ કરી શકીશું? અથવા, ન્યાય અને બુદ્ધિના ઉચ્ચ અને સ્વતન્ત્ર ટેકાની મદદ લઈશું? આ મુદ્દા ઉપર હું આપનો ઘણો વખત નહિ રોકું. મારા કરતાં વધારે સમર્થ માણસોએ ઉપરની બન્ને રીતના લાભાલાભ વિષે ચર્ચા કરી છે. હું એટલું જ કહીશ કે મનુષ્યબુદ્ધિથી રચાયલાં શાસ્ત્રોમાં સ્વતઃપ્રામાણ્ય હોઈ શકે નહિ, અને તેવી શાસ્ત્રોને જ પાયારૂપ ગણવાં એ એક દોષ છે. વળી, વિવેચક દૃષ્ટિથી અને ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં શાસ્ત્રો તે તે યુગની પરિસ્થિતિનું પ્રતિબિમ્બ માત્ર છે, અને તેથી નવીન યુગમાં–બદલાએલી સ્થિતિમાં–તેનાં તે જ શાસ્ત્રો પ્રમાણભૂત રહી શકે નહિ. બીજી બાજુએ જોતાં, ન્યાય અને બુદ્ધિનાં સ્થાયી તત્ત્વો બધી સ્થિતિઓમાં સર્વદા ટકી રહે છે. પ્રગતિના પ્રયાણમાં જુદી જુદી અવસ્થાઓ દર્શાવનારા ફેરફારો વગર અડચણે થયા જાય છે, તેથી કાંઇ ન્યાય અને બુદ્ધિના સ્થાયી તત્ત્વોને જરા પણ હાનિ પહોંચતી નથી. મારા અભિપ્રાય પ્રમાણે આ સ્થાયી તત્ત્વોનોનો જ આધાર સાચો છે, અને તેથી વ્યવહારમાં મુશ્કેલી પડતી નથી. ઉપરના આધારે નિકળેલાં અનુમાનોને આપણા પ્રાચીન શાસ્ત્રોનો ટેકો મળતા હોય તો બેશક આપણે બન્નેને સાંકળી દેવાં જોઇએ. તેથી એમ જણાશે કે પ્રાચીન ભારતવર્ષમાં સુધારાની ઉચ્ચ દશાના યુગમાં સામાજિક સંસ્થાઓની ભાવનાઓ, જે તત્વોને હાલ આપણે વખાણીએ છીએ તે જ તત્ત્વો ઉપર અવલંબી રહી હતી; અને હલકી ભાવનાઓવાળાં શાસ્ત્રોનાં વચનો અધોગત થયેલી સમાજની અમુક સ્થિતિ દર્શાવે છે એમ સમજવું. આ નીચી સ્થિતિ ઉચ્ચ દિવસો રૂપી સ્વચ્છ આકાશ ઉપર થઇ પસાર થતા શ્યામ મેઘ સમાન હતી. આ અભિપ્રાય સમાન છે એમ આપણા પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ યોગ્ય રીતે ઊકેલનારને જણાયા વગર રહેશે નહિ. વસ્તુસ્થિતિ આમ હોવાથી, મુંબઈ ઇલાકાના છેલ્લા વસ્તીગણતરીના રિપોર્ટમાં એક બે વિચિત્ર કથનો જોઇ મને અચંબો થયો. તે રિપોર્ટ લખનાર કહે છેઃ—

"પુખ્ત ઉમરે નહિ પહોંચેલી કન્યાનું લગ્ન ધર્મપુરઃસર છે, અને તેવી કન્યાનું લગ્ન ન થાય તો તેના પૂર્વજોને પાપ લાગે એવું કહેનારાં કેટલાંક વચનો શાસ્ત્રોમાં છે; પરંતુ જે સમયે વેદો લખાયા હતા તે સમયે બાળલગ્ન થતાં નહોતાં એમ સમજાય છે."§ વળી,

"હિન્દુ સિવાયની કોમોમાં બાળલગ્ન ઓછાં હોવાથી અને હિન્દુધર્મશાસ્ત્રમાં બાળલગ્ન વિહિત હોવાથી એમ સૂચવાય છે કે પ્રાચીન સમયમાં જે આર્યો આ દેશ ઉપર ચઢી આવ્યા તેમણે બાળલગ્નનો રિવાજ હિન્દમાં દાખલ કર્યો, અને ત્યાર પછી નીચલી કોમોએ પોતાની ઉપરની નાતોનો દાખલો લઈ બાળલગ્ન પોતામાં દાખલ કર્યું."§

પહેલા કથનમાં વિરુદ્ધ મત દર્શાવનારાં અસંખ્ય શાસ્ત્રોનાં વચનોની ઉપેક્ષા જ થઇ છે, અને ઇ. સ. ૧૮૯૦–૯૧ માં સંમતિવયના કાયદાને લગતી ચર્ચામાં ખોટી ઠરેલી બાબતને આગળ ધરવાથી આપણા પ્રાચીન ઇતિહાસનો એકદેશીય અને ખોટો ખ્યાલ આપવામાં આવ્યો છે. બીજા કથનમાં પૂર્વોક્ત દોષ ઉપરાંત પરસ્પર વિરુદ્ધ વચનો છે; કેમકે પહેલા કથનમાં લેખકે કબૂલ રાખ્યું છે કે વૈદિક

---

§ હિન્દુસ્થાનનું વસ્તીપત્રક, ૧૯૧૧, ગ્રન્થ ૭ મો, મુંબઇ, ભાગ ૧, રિપોર્ટ પ્રકરણ ૭ મું, સામાજિક સ્થિતિ, પૃ. ૧૧૫, પૅરા. ૧૭૦.

કાળમાં બાળ લગ્ન નહોતાં, છતાં બીજી જે ક્ષણે આ કથનમાં પરદેશથી આવેલા આર્યોએ બાળલગ્ન દાખલ કર્યાં એમ કહ્યું છે! ખરેખર, તે લેખક એમ ભાગ્યે જ કલ્પી શકે કે વેદો આર્ય લોકોના પહેલાંના અનાર્યોએ લખ્યા હશે!

ત્યારે તો, 'ન્યાય અને બુદ્ધિ'–એ જ આપણું સૂત્ર છે અને તે જ આપણો મન્ત્ર છે. આપણો પંથ આ મૂળતત્ત્વથી પ્રેરાશે, અને આ જાગ્રત્ તત્ત્વ મનુષ્યના અન્તઃકરણને નિઃસંદેહ જગાડશે. તેમાંથી આપણા પંથના બીજા સર્વે મન્ત્રોનો ઉદય થશે; જેવા કે આત્મમાન, પ્રતિષ્ઠા, સત્ય, ભ્રાતૃભાવ, (અને તેનું આવશ્યક અંગ) દુર્બળ અને દુઃખી પ્રત્યે સમભાવ, અને નિર્ભય ને અનન્ય કાર્યપરાયણતા. આ મૂળતત્ત્વો પાયા તરીકે સ્વીકારીને આપણે આપણા કાર્યક્રમનો વિકાસ થવા દેવો. આ મૂળતત્ત્વોની અવગણના કરવી, અથવા તેનાથી વિરુદ્ધ કાંઇ પણ કાર્ય કરવું, અથવા તેની સાથે અસંગત કાર્ય કરવું–એ આપણા પંથથી વિપથગામી વર્તન છે. આ તત્ત્વોમાં મારી દૃઢ માન્યતા હોવાથી મને કેટલોક ખેદ અને કેટલીક નિરાશા થાય છે, કે કેટલાક સાચા સુધારકો–સાચા સુધારકો હોવા જોઇએ એવા મનુષ્યો પણ–નાતના જુલમને તાબે થાય છે, નાતનો નિરુલ્લાસક (unennobling) આશ્રય લે છે, પોતાને જેમાં શ્રદ્ધા નથી એવાં પ્રાયશ્ચિત્ત કરે છે, અને તે પણ જે કાર્યો પોતે કદાપિ પાપી અથવા ખોટાં ગણ્યાં નથી તેવાં કાર્યોને માટે જ. આવા વર્તનથી જે નૈતિક અવનતિ અવશ્ય થાય છે તે વિષે તો હું કાંઇ બોલતો જ નથી. તે તે વ્યક્તિને હાનિ થાય છે તે ઘણી મોટી છે, પરંતુ આથી સંસારસુધારાના મહાકાર્યને જે હાનિ પહોંચે છે તે તેથી પણ મોટી છે. આવાં પ્રાયશ્ચિત્તથી નાતની સત્તા ઢીલી પડે છે અને સુધારાનો માર્ગ મોકળો થાય છે એવો લૂલો બચાવ–બાહ્ય સ્વરૂપથી સુન્દર દેખાતો બચાવ–મને ગ્રાહ્ય નથી. નાતની સત્તાને શરણે થવું, અર્થાત્ તે સત્તા ખુલ્લી રીતે માન્ય કરવી.–આથી નાતની સત્તાનો ઇનકાર કર્યો અથવા તેને નબળી પાડી એમ શી રીતે કહી શકાય [illegible] સમજી શકતો નથી. કેદમાં જતો ગુનેગાર એમ કહે કે સજા તો માત્ર ગુનાની કિંમત છે, અને તેથી ગુનો ફરી કરવાને છૂટ મળે છે, અને આવી રીતે રાજ્યની સત્તા નબળી કરી શકાશે, આ વિપરીત વચનમાં સત્ય છે? (અલબત, આ દૃષ્ટાંત સર્વાંશે લાગુ પડતું નથી, કારણ કે રાજ્યની સત્તા જનસમાજના શ્રેયને અર્થે કાર્ય કરે છે અને નાતની સત્તા જનસમાજના કલ્યાણમાં અવરોધ કર્તા છે.) ના, આ પ્રાયશ્ચિત્તરૂપી કહેવાતા ઉપાયથી વીરત્વ નાશ પામે છે અને કાયરપણું પ્રગટે છે. સંસારસુધારાના કાર્યને જુદું પાડવાથી, તેના ચેતનના સાચા ઝરામાંથી તેને વિભિન્ન કરવાથી, ઊંચી ભાવનાઓના ખરા પાયાથી તેને દૂર રાખવાથી, અને સઘળાં મોટાં અને ઊંચાં કાર્યોના પ્રવાહોને જીવન્ત રાખનાર ધર્મ સાથે તેને નહિ સાંકળવાથી આવાં પરિણામ આવે છે.

ઉપરનાં મારાં વચનોમાં કેવળ વાક્પટુત્વ જ છે એમ ધારશો નહિ. મેં આગળ જણાવ્યું છે તે ઉપરથી સ્પષ્ટ સમજાશે કે હું કર્મનો (action) પણ ઉપદેષ્ટા છું. અત્ર મેં કર્મની આધારભૂત ભાવનાઓ ઉપર માત્ર ભાર મૂકી બતાવ્યો છે; અને આપણાં કાર્યોને ખરે રસ્તે દોરવા માટે એમ કરવું જરૂરનું જણાયું છે. આ પ્રમાણે તત્ત્વોનું વિવેચન કર્યા પછી, આપણે સમષ્ટિરૂપે અત્યાર સુધી જે કાર્યસિદ્ધિ કરી છે તેના કરતાં વધારે વિશાળ કાર્યપ્રદેશમાં વિચરવાને શા શા પ્રયત્નો કરવા જોઇએ તેની દિશા હું બતાવું છું. સમષ્ટિરૂપે કાર્ય કરવામાં વ્યવસ્થાની પ્રથમ જરૂર પડે છે અને વ્યવસ્થાની બાબતમાં સામ્રાજ્યના અંગ્રેજ બન્ધુઓની કેટલીક વિચારવાળી અને પરિપકવ પદ્ધતિઓ આપણે ગ્રહણ કરવી જોઇએ. તેઓ કદી છૂટું છવાયું કામ કરતા નથી; વ્યવસ્થા, આગ્રહ, અને જે વિચારો ફેલાવવા છે તેનો અનેક રીતે પ્રસાર–આ સર્વમાં તેમને શ્રદ્ધા હોય છે. આ કાર્ય પાર પાડવાને આખા ઇલાકાને માટે એક ખરેખરૂં કામ કરનારૂં મંડળ આપણે જોઇએ; અને તે મંડળના સભ્યો પાસેથી આપણે નિયમસર ફી લેવી જોઇએ. ફીના બે ત્રણ વર્ગ રાખવા જોઇએ, જેથી બધાને અનુકૂળતા થાય. આપણે પોતે જ ફી આપીને કામનો પ્રારંભ કરવો જોઇએ. આપણી

પાસે એક કાયમનું ફંડ જોઇએ, કારણ કે પૈસા વગર કાંઇ પણ સંગીન કામ થઈ શકે નહિ. ત્યાર પછી આપણે આપણા મહાકાર્યમાં સમભાવ રાખનારા શેઠીઆઓ પાસે જઇશું, અને આપણું કાયમનું ફંડ વધારવીશું અથવા સુધારાને લગતાં કામોને માટે ખાસ રકમો આપવા તેમને વિનવીશું. આપણા મંડળને માટે કામ કરનારા બે પગારદાર સેક્રેટરીઓ આપણે જોઇએ; તેઓ હંમેશ મંડળનું કામ કરે, વસ્તુસ્થિતિનો અભ્યાસ કરે, ખાસ આંકડાઓ એકઠા કરે, અગત્યના પ્રશ્નો વિષે લોકોને તેમ જ સરકારને રજુ કરવાના ખરડાઓ તૈયાર કરે; સંક્ષેપમાં, આપણી સંસ્થાને જીવન્ત બનાવે. વળી, આપણે ઓછામાં ઓછા ત્રણ પગારદાર વ્યાખ્યાનકારો રાખવા જોઇએ; એક ગુજરાતી જિલ્લાઓ માટે, એક મરાઠી જિલ્લાઓ માટે, અને એક કાનડી જિલ્લાઓ માટે. તેઓ હંમેશ પોતપોતાના જિલ્લાઓમાં ફર્યા કરે, લોકોની સમક્ષ સંસાર સુધારા ઉપર વ્યાખ્યાન કરે, સુધારાનાં કાર્ય કરવા ઇચ્છનાર સ્ત્રીપુરૂષોને મદદ કરે, અને સામાન્ય રીતે ઉત્સાહ અને ચતુરાઇથી આપણા કામની વૃદ્ધિ કરે. થોડા સમય પછી, દક્ષિણની એક ઘણી જ લાભકારક સંસ્થાને આપણા કાર્યક્રમમાં આપણે ઉમેરી શકીએ,—તે સંસ્થા 'કીર્ત્તન' છે. સંસારસુધારાને લગતા વિષયો ઉપર કીર્તનો કરી શકે એવી શક્તિવાળા મનુષ્યોને આપણે પગાર આપી રાખી શકીએ. છેવટે, સંસારસુધારા વિષેનાં ચોપાનીયાં, પત્રિકાઓ, અને નિબન્ધો છપાવી તે સંબન્ધનું સસ્તુ સાહિત્ય સારી પેઠે પ્રસારવું જોઇએ. ટૂંકામાં, પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે આપણે વ્યવસ્થા રાખવી, આગ્રહ રાખવો, અને કામમાં મંડયા રહેવું; અને તેમ કરવામાં પાશ્ચાત્ય પદ્ધતિઓનું માત્ર બાહ્ય સ્વરૂપ લેવું નહિ પણ તેમનું અન્તરતત્ત્વ ગ્રહણ કરવું જોઇએ. આમ કરીશું ત્યારે જ આપણાં કાર્યનો પરિપાક વહેલો થશે. કહેવું કાંઈ અને કરવુ કાંઇ એવો આક્ષેપ સુધારકો ઉપર મૂકાય છે તે ખરેખર અયોગ્ય જ છે; પરંતુ ઉપર બતાવેલી પદ્ધતિનાં જેવું કામ સુધારાવાળાઓ કરતા નથી એમ કહેવાતું હોય તો તેમાં કંઇક સત્ય રહેલું છે. વધારે નહિ તો વીસ વર્ષ પહેલાં આવું પદ્ધતિપુરઃસર કામ શરૂ થયું હોત, તો આપણું આ મહાકાર્ય લોકોની સમક્ષ વધારે જોસથી ખડું થયું હોત, અને સંસારસુધારાનો પ્રવાહ પાછો વહે છે અથવા તો સ્થિર થઇ ગયો છે એવો ખોટો ખ્યાલ લોકોના મનમાંથી ક્યારનોએ નીકળી ગયો હોત.

સુધારાનો પ્રવાહ ખરેખર સ્થિર થઇ ગયો છે? આપણા વિરોધીઓ કહે છે એ અર્થમાં બેશક નહિ જ. ચારે ગમ નજર કરો અને તમે જ જુઓ. મેં ઉપર બતાવ્યું તે પ્રમાણે, સુધારાના પ્રશ્નો તરફ લોકોની લાગણી અને વૃત્તિ પ્રગતિના પંથે વળી છે, અને દ્રઢતાથી લોકો સુધારાનાં કાર્યો પણ કર્યા જાય છે. લગ્નના કાયદા વિષેના ઑન. મિ. ભૂપેન્દ્રનાથ બસુના બિલ તરફ નજર કરો. તે બિલના પરાજયમાં જ તેનો વિજય દેખાય છે; કારણ કે તે બિલની તરફેણમાં થયેલો અત્યન્ત આગ્રહ સ્પષ્ટ સૂચવે છે કે દેશનો બુદ્ધિશાળી વિભાગ તે તરફ સમભાવવાળો હતો. દસ વરસ અગાઉ જે લોકો જરૂર તેની વિરુદ્ધ પડે એવા હતા તે જ લોકોએ આ બિલને ખુલ્લી રીતે ટેકો આપ્યો હતો. વળી, મુંબઇમાં કાશીબાગમાં થયેલું હમણાનું જ પ્રીતિભોજન જુઓ. ચાળીસ વરસ પહેલાં તો આવો બનાવ, બલ્કે આવા બનાવનો વિચાર, અસંભવિત જ હતો.

નહિ, નહિ, સુધારાનો પ્રવાહ સ્થિરતાને પામ્યો નથી. પ્રવાહ, પ્રવાહની ગતિ, આપણે જોઈ શકતા નથી; કેમકે તે ગતિ ધીમી છે, કંઇક મન્દ છે, અને વળી આપણે છૂટક છૂટક દૃષ્ટિથી તે જોઈ શકીએ નહિ. આકાશના પ્રદેશમાં જોસથી ચાલતી આ પૃથ્વીની ગતિ આપણે કયાં જાણી શકીએ છીએ? સંસારસુધારાની પ્રગતિની લાગણી કંઇ અંશે તેને મળતી આવે છે. આપણા વિરોધીઓને જે કહેવું હોય તે ભલે કહે. મારે તેમની સાથે લઢવું નથી. તેમની દૃષ્ટિ આપણા કરતાં જુદી

છે. આ આપણા અમિત્રરૂપી મિત્રોને હું એટલું જ કહીશ કે, 'તમારો વિરોધ અમને પ્રિય છે. તમારા વિરોધથી અમે જબરા બનીએ છીએ, મુશ્કેલીઓ દૂર કરવાની અમને શક્તિ મળે છે, અને કોઇ કોઇ વાર અમને અમારી ભૂલો જણાય છે. માટે તમારો ખરા દિલથી અમે ઉપકાર માનીએ છીએ.' આપણા કાર્યના સાથીઓને હું વિનવીશ કે, "ભાઇઓ, આપણી ભાવનાઓને અને આપણા પંથને વળગી રહેજો. ડહાપણથી વિચાર કરજો, અને વીરત્વથી કામ કરજો; નીચ અને નિરુલ્લાસક કાર્યોને તિરસ્કારજો. મુશીબતો આવી ખડી થાય તો અધીર બનશો નહિ. સંસારસુધારાનો પ્રવાહ સ્થિર થઇ ગયો છે એમ માની નિરાશ થશો નહિ. નમ્રત્વ અને વીરત્વ બન્નેને એકઠાં ભેળવી, ઇશ્વરના સૈનિકો તરીકે બધા એક સાથમાં પ્રગતિને પંથે પળો, અને નારાયણ કરશે તો આપણે વિજય કરીશું!"

અમદાવાદ સંસારસુધારાસમાજ તરફથી પ્રસિદ્ધ કરનાર
રમણભાઈ મહીપતરામ નીલકંઠ
[illegible] રોડ—અમદા[illegible]

અમદાવાદ—ખેમાસાને ચકલે, ધી 'નટવર' પ્રિન્ટિંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ ખોડીવાળાએ છાપ્યું.

કીંમત—મફત.